# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૭૦ તા.૭-૯-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્યની જિલ્લા / નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં શાળા ખાતે સ્વચ્છતા સંકુલો ઊભા કરવામાં આવેલ છે. શાળા ખાતે સ્વચ્છતા જાળવવાના હેતુથી તમામ મ્યુનિ. શાળા સંકુલમાં શાળા દીઠ માસિક રૂા.૧૮૦૦/- ફાળવવાનું નક્કી કરવામાં આવેલ છે. અગાઉ આ બાબતે પરિપત્ર નં. ૫૪ તા.૫-૮-૧૫ અને પરિપત્ર નં. ૧૨૫ તા.૧-૧-૧૬માં આનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

શાળા સંકુલમાં શાળાનું મેદાન, લોબી, સેનિટેશન, ધાબુ વગેરે શાળા શરૂ થતાં પહેલા, રિશેષ પહેલા તેમજ રિશેષ પછી પણ સ્વચ્છતા જળવાઈ રહે રીતે સફાઈ કરનાર કામદાર પાસેથી કામગીરી લેવાની રહેશે.

શાળામાં સ્વચ્છતા માટે આપેલ દરેક માસની ગ્રાન્ટ (આ અંગેની ગ્રાન્ટ શાળાના એકાઉન્ટમાં જમા કરવામાં આવેલ છે.) પૈકી રૂા.૧૪૦૦/- સફાઈ કામદારને પરિપત્રની સૂચના મુજબ વાઉચર પર આપવાના રહેશે અને સફાઈના સાધનો પેટે રૂા.૪૦૦/- ખર્ચ કરવાના રહેશે, તેની નોંધ લઈ અમલ કરશો.

તા.૭-૯-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી